સી.સી. નં.:–૨૫૭/૨૦૨૬

**–::<u>આંક–૧ લગત હુકમ</u> ::–**

આ કામે આરોપીની સામે ધી ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ–૮૫(૧)(૩), ૬૬(૧)(બી) હેઠળ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. પોલીસ પેપર્સ, ચાર્જશીટ અને પંચોના નિવેદનો વંચાણે લેવામાં આવ્યા છે. તે સબંધીત કલમ–૮૫ રીફર કરવામાં આવેલ છે.

**કલમ–૮૫ મુજબનો ગુનો :–** જે કોઈ વ્યકિત, જેમાં લોકોને આવ–જા કરવાની છુટ હોય અથવા આવ–જા કરવા દેવામાં આવતી હોય તેવા કોઈ રસ્તા, રાહદારીના માર્ગ, સાર્વજનિક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝગડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારા મારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણૂંક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતા હોય, તેને દોષિત ઠર્યેથી, ત્રણ વર્ષ સુધીની પરંતુ એક વર્ષથી ઓછી નહી તેટલી મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.

કલમ–૮૫માં જે શબ્દ લખવામાં આવ્યા છે તે જોતા દારૂ પીને ઉપદ્રવ ઉભો કરતો હોય, કોઈ વ્યકિત સાથે ઝગડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારા મારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તૂણૂક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતા હોય તો જ કલમ–૮૫ હેઠળ આરોપી સામે કાર્યવાહી ચાલી શકે છે.હવે, કલમ–૬૬(૧)(બી) ધ્યાને લેતા, પાસ કે પરમીટ વગર અફીણ કે શણ સિવાયના માદક પદાર્થના ઉપયોગ અંગે કરવામાં આવેલ જોગવાઈ છે.

વધુમા મુંબઈ નશાબંધી (ડોકટરી તપાસ અને લોહીની ચકાસણી) નિયમો–૧૯૫૯ ના નિયમ–૩ ફોર્મ–એ ને પણ રીફર કરી તે જોતા કોર્ટનો અભિપ્રાય છે કે તબીબી અધિકારી ફકત એની સ્પીચ નોર્મલ છે અથવા ઈનકોહરેન્ટ છે, ફકત આ જણાવવાનુ હોય છે.એમા ભાષાથી સંકળાયેલ કોઈ જોગવાઈ નથી.

આ કામે પોલીસ ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટ તથા તે સાથેના તપાસના પેપર્સ, પંચનામુ, સાહેદોના નિવેદનો, મેડીકલ ઓફીસરશ્રીએ લીધેલ લોહી ના નમુનાનુ પ્રમાણપત્ર ધ્યાને લેતા આરોપીએ જાહેરમાં કોઈ ઉપદ્રવ ઉભો કરેલ હોય કે કોઈ વ્યકિત સાથે ઝગડો કરતા હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારા મારી કરતા હોય,કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણૂંક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતા હોય તેવુ રેકર્ડ ઉપર આવેલ નથી અને તેથી આરોપીએ પ્રથમદર્શનીય રીતે કલમ–૮૫(૧)(૩), મુજબનો નહી પરંતુ કલમ–૬૬(૧)(બી) હેઠળનો ગુનો કરવાનુ જણાઈ આવે છે. જે ચાર્જશીટ પોલીસ પેપર્સ, પંચોના નિવેદનને સત્ય માનવામાં આવે તો પણ આરોપી સામે કલમ–૮૫ના આવશ્યક તત્વો ફલીત ન થવાનુ આ અદાલતનો અભિપ્રાય છે.

જેથી આ કામના આરોપી વિરૂધ્ધ પ્રોહી એકટની કલમ–૮૫(૧) મુજબનો ગુનો પ્રથમ દર્શનીય જણાઈ આવતો ન હોય આરોપી વિરૂધ્ધ ૮૫(૧) મુજબના ગુનાની કાર્યવાહી પડતી મુકી પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ આગળની ઈન્સાફી કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧ મી જુલાઈ સને ૨૦૨૬ ના રોજ લોકઅદાલતમાં જાહેર કર્યો.

તારીખ:–૧૧/૦૭/૨૦૨૬ (જાવેદહુસેન મોહંમદભાઈ મેમણ)

સ્થળ:–સંતરામપુર એડી. ચીફ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સંતરામપુર

JUDGE CODE NO.GJ01077

**<u>સંતરામપુરના મે.એડી.ચીફ.જયુડીશીયલ. મેજીસ્ટ્રેટ. સાહેબની કોર્ટમાં,</u>**
**<u>મુંકામ.સંતરામપુર</u>**

**સી.સી.નં.:– ૨૫૭/૨૦૨૬**

**આંક:–**

**ફરીયાદી:–** **શ્રી સ ર કા ર**

**વિરૂધ્ધ**

**આરોપી:–** વિનોદભાઈ ઝવરાભાઈ ખાંટ

**રહે** ગાડીયા ખાંટ ફળીયું, તા.સંતરામપુર જી.મહીસાગર

---

**ગુન્હો: ધી ગુજરાત પ્રોહી.એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ.**

---

**<u>:: ઠ રા વ ::</u>**

**(૧)** આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વીસ ઓથારીટી, ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ તથા નામદાર ડીસ્ટ્રીકટ લીગલ સર્વીસ ઓથોરીટીના ઉપક્રમે અત્રેની અદાલતમાં સ્પેશીયલ સીંટીગનું આયોજન કરવામાં આવેલ છે.

**(૨)** આજરોજ આરોપી સ્પેશીયલ સીંટીંગમાં તેઓના વિ. વકીલશ્રી સાથે હાજર થયેલ છે અને તે અનુસંધાને આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપ્યાની ખાત્રી કરી આરોપી વિરૂધ્ધ પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગતા હોવાની હકીકત જણાવેલ છે.

**(૩)** આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી જાહેર કરેલ છે કે, મારો પ્રથમ ગુનો છે અને અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરી કરી અમારૂ ગુજરાન ચલાવીએ છીએ, અમોને મજુરી કામ દરરોજ મળતુ નથી, અમો અમારા કુંટુંબના એક જ કમાનાર સભ્ય છીએ, અમારા બાળ બચ્ચા તથા અમારા કુટુંબના ભરણ પોષણની જવાબદારી અમારા શીરે છે, અમો ભવિષ્યમાં આવો કોઈ ગુનો કરીશું નહી તેવી ખાત્રી આપીએ છીએ. જેથી અમારી સામાજીક તથા આર્થિક પરીસ્થિતિ ધ્યાનમાં રાખી અમારી ઉપર રહેમ રાહ રાખવા અરજ ગુજારેલ છે.

**(૪)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી વગર પાસ પરમીટના દારૂનો નશો કરી જાહેર સ્થળ ઉપરથી લથડીયા ખાતા પકડાયેલ છે જેથી આરોપી વિરૂધ્ધ ગુજરાત રાજય નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

**(૫)** આરોપી વિરૂધ્ધ ગુનાનો આક્ષેપ જોતા તથા આરોપી ધ્વારા રજુ કરવામાં આવેલ ગુના કબુલાત પુરસીસ વંચાણે તેમજ ધ્યાને લેતા તેમાં જણાવેલ કારણો તેમજ આરોપીની મારી સમક્ષ રૂબરૂ નિરીક્ષણ કરતા આરોપી આર્થિક તથા સામાજીક રીતે ગરીબ વર્ગના જણાઈ આવે છે તેમજ ભવિષ્યમાં બીજો કોઈ ગુનો નહીં કરવાની ખાત્રી આપે છે, આરોપીએ જાહેર કરેલો પસ્તાવો તથા આરોપીની વર્તણૂંક તથા સામાજીક જવાબદારી ધ્યાને લેતા તથા રેકર્ડ વંચાણે લેતા આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાઈ આવે છે. જેથી મારૂ નમ્રપણે માનવુ છે કે,

આરોપી ઉપર રહેમ રાહ રાખીને ઓછી સજા અને દંડ કરવામાં આવે તો આરોપી સમાજમાં ફરી વખત માનભેર જીવન શરૂ કરી શકે અને સમાજ તથા દેશને ઉપયોગી થઈ શકે તેમ છે તે સંજોગોમાં ઓછી સજા તથા દંડ કરવો તે ન્યાયોચિત અને ઉચિત માનુ છું.

(૬) **નામદાર ગુજરાત વડી અદાલતના ૨૦૦૫ (૧) G.L.R–709 સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીશચંદ્ર ઠાકોરના** કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરે છે કે જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. સદરહું ચુકાદાના પાન નં.૭૨૧ ઉપર પેરા–૨૧માં જે કારણો જણાય છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને તથા સંજોગોને અનુરૂપ થતો હોય તેમ જણાઈ આવે છે.

(૭) આમ, આરોપીની કબુલાત પુરસીસ તથા આરોપીના સામાજીક સંજોગો ધ્યાને લેતા, કાયદાએ સુચવેલ ન્યુન્તમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને સબળ કારણો જણાય છે તેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો તેવું હું નમ્રપણે માનુ છું. આરોપીને સજા અંગે સાંભળ્યા બાદ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**//આખરી હુકમ//**

આ કામના આરોપીને ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી,કોર્ટ ઉઠતા સુધીની સજા તથા સબબ ગુના અંગે આરોપીએ રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસો) પુરાનો દંડનો હુકમ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો દિન–પની સાદી કેસની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧મી જુલાઈ સને ૨૦૨૬ના રોજ સ્પેશીયલ સીંટીગમાં જાહેર કર્યો.

તારીખ:–૧૧/૦૭/૨૦૨૬ (જાવેદહુસેન મોહંમદભાઈ મેમણ)

સ્થળ:–સંતરામપુર એડી. ચીફ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, સંતરામપુર

JUDGE CODE NO.GJ01077